તાલુકા સબ જેલોના વ્યવસ્થાપન અને
સંચાલન બાબત

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર
ક્રમાંકઃ જલક/૧૧૨૦૦૯/૬૭૫૨/જ,
તારીખ : 28 JUN 2012

પરિપત્રઃ

રાજયની તાલુકા સબ જેલો સબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ હસ્તક કાર્યરત છે. તાલુકા સબ જેલ મેન્યુઅલ પ્રમાણે મામલતદાર હોદ્દાની રૂએ આ તાલુકા સબ જેલના અધિક્ષક તરીકે અને નાયબ મામલતદાર/ અવ્વલ કારકુન હોદ્દાની રૂએ જેલર તરીકે ફરજ બજાવે છે. આ જેલોની શિસ્ત અને સલામતી માટે સબંધિત જિલ્લા પોલીસ અધિક્ષક ધ્વારા પોલીસ ગાર્ડ પુરા પાડવામાં આવે છે.

આ તાલુકા સબ જેલોના સુચારુ વહીવટ અને વ્યવસ્થાપન માટે તેઓએ તાલુકા સબ જેલ મેન્યુઅલમાં જણાવેલ વિગતે ફરજો બજાવવાની રહે છે અને આ જેલોની નિભાવણી કરવાની રહે છે. પરંતુ, અનુભવે જણાયું છે કે, સ્ટાફના અભાવે તેમજ જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રીઓ ધ્વારા જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી સાથેના યોગ્ય સંકલનના અભાવે રાજયની ઘણી બધી તાલુકા સબ જેલો કાર્યરત નથી. જેને કારણે જેલ ખાતા હસ્તકની રાજયની જિલ્લા અને સબ જેલોમાં કેદીઓની વધુ સંખ્યા થઈ જવાથી ઓવર ક્રાઉડીંગની પરિસ્થિતિ ઉદભવે છે. આથી, રાજયના વિવિધ જિલ્લાઓમાં અગાઉ સ્થપાયેલી અને તે પૈકી હાલ કાર્યરત નથી તેવી તાલુકા સબ જેલો રીપેરીંગના અભાવે, સ્ટાફના અભાવે કે અન્ય કોઈ કારણોસર ચાલુ થઈ શકતી નથી તે ક્રમશઃ કાર્યરત કરીને રાજયની અન્ય જેલોમાં ઓવરક્રાઉડીંગની પરિસ્થિતિમાં ઘટાડો કરી શકાય તે માટે તમામ સબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓએ જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદના પરામર્શ અને સંકલનમાં તાત્કાલિક કાર્યવાહી કરવાની રહે છે. આથી, સબંધિત તમામ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓએ તેમના જિલ્લાની જે તાલુકા સબ જેલો કાર્યરત નથી તેના કારણો તપાસી તે તાત્કાલિક કાર્યરત કરવા માટેની કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે. આ માટે રીપેરીંગની / સમારકામની કે અન્ય કોઈ આવશ્યકતા જણાતી હોય તો તે અંગેના જરૂરી અંદાજો સાથે જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદના પરામર્શમાં તાત્કાલિક કાર્યવાહી કરવાની રહેશે. જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદે ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લી., ગાંધીનગરના પરામર્શમાં બાંધકામ, રીપેરીંગ કે અન્ય આનુષંગિક બાબતો અંગે અંદાજપત્રીય જોગવાઈ સહીત સમયસર જરૂરી દરખાસ્ત ગૃહ વિભાગને કરવાની રહેશે.

૨. જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ ધ્વારા તાલુકા સબ જેલોના સુચારૂ વ્યવસ્થાપન માટે નાયબ પોલીસ મહાનિરીક્ષક(જેલ)ના અધ્યક્ષપદ હેઠળ જેલ અધિક્ષકશ્રીઓનું ટાસ્ક ફોર્સ રચવામાં આવેલ છે, તે ટાસ્ક ફોર્સે પણ તેમના હસ્તકના જિલ્લાઓમાં સબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રીના પરામર્શમાં તાલુકા સબ જેલ કાર્યરત કરવા માટે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

૩. રાજયની તાલુકા સબ જેલોનું યોગ્ય વ્યવસ્થાપન અને સંચાલન(એટલે કે બાંધકામ, રીપેરીંગ, સ્ટાફ, શિસ્ત અને સલામતી તેમજ અન્ય આનુષંગિક બાબતો) થઈ શકે અને નિયંત્રણ રાખી શકાય તે માટે સરકાર કક્ષાએ સચિવશ્રી(ગૃહ) ગૃહ વિભાગના અધ્યક્ષપદ હેઠળ નીચે જણાવેલ સમિતિની રચના પણ આથી કરવામાં આવે છે.

**૧. સબંધિત નાયબ સચિવશ્રી/સંયુકત સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.**

**૨. સબંધિત નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.**

**૩. જોઈન્ટ મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમીટેડ, ગાંધીનગર.**

**૪. નાયબ પોલીસ મહાનિરીક્ષક(જેલ), જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રીની કચેરી, અમદાવાદ.**

આ સમિતિની બેઠક **દર મહિનાના છેલ્લા બુધવારે** મળશે અને સબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ, જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ તરફથી તાલુકા સબ જેલો કાર્યરત રહે/કાર્યરત થાય તે માટે મળેલ રજૂઆતો અંગે જરૂર જણાયે તેઓના પરામર્શમાં જરૂરી કાર્યવાહી કરશે. અ.મુ.સ.શ્રી(ગૃહ) અને અગ્રસચિવશ્રી(મહેસુલ) ધ્વારા આ કાર્યવાહીની સમીક્ષા **દર ત્રણ મહિને(છેલ્લા ગુરૂવારે)** કરવામાં આવશે.

૪. ઉપર ફકરા-૧ અને ફકરા-૨ માં જણાવેલ સૂચનાઓ અન્વયે સબંધિત સત્તાધિકારીઓ ધ્વારા જરૂરી કાર્યવાહી સમયસર થાય તે જોવા પણ આથી જણાવવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(ધીમંત એ. પટેલ)**
**નાયબ સચિવ**
**ગૃહ વિભાગ.**

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રશ્રી(મહેસૂલ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(જેલ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(મહેસુલ)ના રહસ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
- અધિક પોલીસ મહાનિદેશક અને મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ., ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(સંકલન), ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(મહેસુલ ), મહેસુલ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(મહેકમ), ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી(જેલ), જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રીની કચેરી, અમદાવાદ
- તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રીઓ
- તમામ જેલ અધિક્ષકશ્રીઓ( **જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ મારફત)**
- સેકશન અધિકારી સીલેકટ ફાઈલ.